# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 23-01-2026 Day: Friday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કૃપાલી મહિચ્છા** વાંચે છે.

---

## ભારતનું પુન: નિર્માણ

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે કહ્યું, ભારતનું પુનર્નિર્માણ ફક્ત દેશમાટે જ નહીં પરંતુ સમગ્ર વિશ્વના કલ્યાણ માટે પણ જરૂરી છે.

ઉત્તરાખંડના હરિદ્વારમાં અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના શતાબ્દી સમારોહને સંબોધતા શ્રી શાહે કહ્યું કે સ્વામી વિવેકાનંદ, મહર્ષિ અરવિંદ અને પંડિત શ્રીરામ શર્મા જેવા મહાન સ્વપ્નદ્રષ્ટાઓએ એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે જ્યારે ભારત તેની સંપૂર્ણ આધ્યાત્મિક અને બૌદ્ધિક શક્તિ સાથે જાગૃત થશે, ત્યારે તે સમગ્ર વિશ્વ અને બ્રહ્માંડને પ્રકાશિત કરશે.તેમણે કહ્યું, જે લોકો સનાતન ધર્મ, ભારતીય સંસ્કૃતિ અને દેશના ઇતિહાસનેસમજે છે તેઓ દ્રઢપણે માને છે કે વિશ્વની સમસ્યાઓનો ઉકેલ ભારતની પ્રાચીનપરંપરાઓમાં રહેલો છે.

-------------------------------------------------------------------------------------

## રાજ્યકક્ષાનો ધ્વજવંદ કાર્યક્રમ

કેન્દ્રીય. વાવ-થરાદ જિલ્લામાં 77-મા પ્રજાસત્તાક દિવસની રાજ્યકક્ષાની ઉજવણી કરાશે. તે અંગે જિલ્લા કલેક્ટર જે. એસ. પ્રજાપતિએ પત્રકાર પરિષદને સંબોધતા કહ્યું, 26 જાન્યુઆરીએ સવારે નવ વાગ્યે રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં ધ્વજવંદન કરાશે. ત્યારબાદ પોલીસ વિભાગ અને વહીવટીતંત્ર દ્વારા વિવિધ પરેડ અને કાર્યક્રમ યોજાશે.

શ્રી પ્રજાપતિએ કહ્યું, 25 તારીખે સવારે મુખ્યમંત્રીનું આગમન થશે. તે દિવસે સેવાસદનનું ભૂમિપૂજન, ગૌમાતા સર્કલનું અનાવરણ, દૂધવા **G.I.D.C.**નુંભૂમિપૂજન, નારી

સશક્તિકરણ કાર્યક્રમ, ગૌભક્તો સાથે મુખ્યમંત્રીનો સંવાદ અનેગાયત્રી મંદિરમાં શસ્ત્ર પ્રદર્શન જેવા કાર્યક્રમ યોજાશે.25 તારીખે રાજ્યપાલશ્રીની અધ્યક્ષતામાં થરાદના મલુપુર ખાતે એટ હોમકાર્યક્રમ સાથે સાંસ્કૃતિક અને મનોરંજક કાર્યક્રમોનું આયોજન કરાયું હોવાનું કલેક્ટરેજણાવ્યું.

---------------------------------------------------------------------------------

## વસંતન પંચમી ઉજવણી

મહાસુદ પાંચમનું પર્વ વસંત પંચમી તરીકે ઉજવાય છે. વસંત પંચમીએ પ્રકૃતિનો ઉત્સવ છે ઝાડ-પાન, ફળ, ફૂલમાં નવી કુંપળ ફૂટે છે. આજના પર્વે સરસ્વતી આરાધનાનો મહિમા છે. આજનું પર્વ જ્ઞાનપંચમી તરીકે જાણીતું છે. સ્વામિનારાયણ સંપ્રદાયના સંસ્થાપક સહજાનંદ સ્વામી આજથી **200** વર્ષ પહેલાં શિક્ષાપત્રીનું સર્જન કર્યું હતું હાલે ભુજ સહિત વિવિધ સ્થળે શિક્ષા પત્રી દ્વિશતાબ્દી મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. પુષ્ટિય માર્ગિ વૈષ્ણવ સંપ્રદાયના મંદિરોમાં હવેલી સંગીતના કાર્યક્રમો યોજાય છે અને ફૂલડોલ ઉત્સવ ઉજવાય છે.

---------------------------------------------------------------------------------

## ક્રિકેટ

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની બીજી ટી 20 મેચ આજે રાયપુર ખાતે રમાશે. ભારતે નાગપુર ખાતેની પ્રથમ ટી 20 મેચમાં ન્યુઝીલેન્ડને આઠ વિકેટે હરાવી એક શૂન્યની સરસાઇ મેળવી લીધી છે.

મહિલા પ્રીમિયર લીગની 14 મી મેચમાં ગુજરાત **જાયન્ટ્સ**ની ટીમે યુપી વોરિયર્સની ટીમને 45 રને હરાવી ત્રીજો વિજય મેળવ્યો છે. વડોદરાના કોટંબી સ્ટેડિયમ પરની મેચ**માં** ગુજરાતની ટીમે 8 વિકેટ ગુમાવી 153 રન કર્યા હતા.

સોફી ડિવાઈન એ **સૌથી** વધુ 50 રન કર્યા હતા. જવાબમાં યુપીની ટીમ 108 રન કરી શકી હતી. ગુજરાતની ટીમની રાજશ્રી ગાયકવાડે **સૌથી** વધુ ત્રણ વિકેટો ઝડપી હતી.

---------------------------------------------------------------------------------

## માવઠું

માવઠાની આગાહી વચ્ચે ગઇકાલે સાંજે લખપત તાલુકામાં વાદળછાયા વાતાવરણ બાદ રાત્રે 9 વાગ્યે અચાનક મૌસમ પલટાયું હતું. ઠંડા પવન સાથે માત્ર 10 મિનિટ પડેલા વરસાદે ચોમાસાની યાદ અપાવી દીધી હતી અને રસ્તાઓ પર પાણી વહી નીકળ્યા હતા. લકી અને પીપર સહિતના દરિયાઈ ગામોમાં પણ ભારે ઝાપટાં પડ્યા હતા. તો દયાપર, પાન્ધ્રો, નારાયણ સરોવર, વર્માનગર, ગુહર સહિતના ગામોમાં પણ વરસાદ વરસ્યો હતો.

---------------------------------------------------------------------------------------------

## સેવા સન્માન

આગામી 26 જાન્યુઆરી, પ્રજાસત્તાક દિને કુલ 43 અધિકારી સભ્યોની લાંબી, પ્રશંસનીય સેવા બદલ તેમને રાજ્યપાલ તેમજ મુખ્યમંત્રીના ચંદ્રકો એનાયત કરવામાં આવશે, જેમાં કચ્છમાંથી બોર્ડરાવિંગ બટાલિયન-2ના ત્રણ જવાનને દીર્ઘકાલિન સેવાઓ બદલ **સન્માન કરવામાં આવશે.** કચ્છમાંથી બોર્ડરવિંગ હોમગાર્ડઝમાં ભુજના કલજી દેસળજી સોઢા, સતીદાન મહાદાનાસિંહ સોઢા, કરસન નામેરી ગરવાની પસંદગી કરવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------------